આપણું સંસ્કારધન

પ્રવક્તા—પૂજ્ય મુનિરાજ શ્રી ચંદ્રપ્રભસાગરજી (ચિત્રભાનુજી)

આજનો સ્વાધ્યાય "આપણું સંસ્કારધન" છે—જે ધન વડે ભારત સમૃદ્ધ હતું, સમૃદ્ધ છે અને સમૃદ્ધ થશે. જોકે અત્યારે એમાં ઓટ આવી છે, છતાં એની ગૌરવગાથાઓ તો એવી જ ગવાઈ રહી છે. જે સંસ્કૃતિના નામ ઉપર, જે આધ્યાત્મિક પ્રકાશ ઉપર પશ્ચિમના લોકો આજે પણ વારી જાય છે અને દર વર્ષે ત્યાંથી પ્રવાસીઓ આવતા જ જાય છે એ સંસ્કારધન શું છે તે સમજવાની જરૂર છે.

ધન કોનું નામ? જે માણસને સમૃદ્ધ બનાવે, સુખી બનાવે, જીવનને જીવવા જેવું અને મૃત્યુને મંગળમય બનાવે. જે ધન માણસને ચિંતા લાવે, જે ધન માણસને કંગાલ બનાવે, જે ધન વડે કરીને માણસ મનથી અને તનથી અહંકારી અને અજ્ઞાની બને એ ધન ન કહેવાય, એને પૈસો કહી શકો. પૈસો અને ધન એ બે વચ્ચે મોટું અંતર છે. પૈસો જુગારીની પાસે પણ હોઈ શકે, નટ અને નર્તકી પાસે પણ હોઈ શકે, પણ ધન તો સંસ્કારસંપન્ન નરનારી પાસે જ હોય. એટલા જ માટે પૈસો મેળવ્યા પછી પણ ધન મેળવવાનું બાકી રહી જાય છે. જ્યાં સુધી આ ધન ન આવે ત્યાં સુધી એ પૈસાદાર કહેવાય, પણ શ્રીપતિ, ધનપતિ કે લક્ષ્મીપતિ ન કહેવાય. લક્ષ્મી, ધન, શ્રી એ બધાંય જીવનની શોભાનાં ઉપનામ છે.

આવા ધનથી ભારત સમૃદ્ધ હતું, પૈસાથી નહિ. પૈસાથી તો અમેરિકા આપણા કરતાં ઘણું સમૃદ્ધ છે, પણ ભારતવર્ષની સમૃદ્ધિ જુદી છે. જે ધન વડે કરીને માણસ સુખી થાય, હૃદયનો ઉદાત્ત થાય, જ્ઞાનનો ઉપાસક થાય, જીવનને ધન્ય બનાવતો થાય અને મૃત્યુને મંગળમય બનાવતો થાય એ ધન આપણા દેશનું ધન; જેને હું આપણો વારસો કહું છું, આપણી મૂડી કહું છું.

પૈસો ચાલ્યો જાય તોપણ આ મૂડી ન જાય. માણસ પૈસાથી નાદાર થઈ જાય તો ચાલે, પણ આ આધ્યાત્મિક સંસ્કૃતિથી કંગાલ થઈ જાય તે નહિ ચાલે. સંસ્કૃતિથી નિર્ધન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને કંગાલ ન બની જાય એ માટે શ્રી મહાવીર જૈન વિદ્યાલયના સુવર્ણ-મહોત્સવના શુભ પ્રસંગે આ સ્વાધ્યાયમાં એનું સ્મરણ તાજુ કરાવવા માગું છું.

'શ્રી મહાવીર જૈન વિદ્યાલય' આખર તો એક વિદ્યા પ્રદાન કરનારી સંસ્થા છે. એ કંઈ લોજિંગ અને બોર્ડિંગ માટેનું સ્થાન નથી કે વિદ્યાર્થીઓને ખવડાવ્યું, રાખ્યા અને રવાના કર્યા એટલે કામ પત્યું.

આ સંસ્થા સાથે ભગવાન મહાવીરનું પવિત્ર નામ જોડાયું છે. અઢી હજાર વર્ષ પહેલાંની આપણી ભવ્યતાનું સ્મરણ એક આ નાનકડું નામ કરાવે છે. અઢી હજાર વર્ષ પહેલાંનો એ જમાનો એવો હતો, જેમાં ભગવાન બુદ્ધ અને ભગવાન મહાવીર વિચરતા હતા; જેમાં અહિંસા અને પ્રેમનો પ્રસાર હતો; જેમાં અધ્યાત્મના પ્રકાશ માટે રાજાઓ રાજ્ય છોડીને, મંત્રીઓ મંત્રીપદ છોડીને, શ્રેષ્ઠીઓ હવેલીઓ છોડીને સંતોના ચરણમાં જઈ બેસતા. એમને લાગતું હતું કે આ જ અમારું સાચું ધન છે. વિચાર કરવાનો છે કે એ ધન શું હતું, જે ધનને મેળવવા માટે પૈસાદારો પણ માનતા હતા કે આ ધન મળે તો જ અમે સાચા ધનપતિ બની શકીએ.

મને એક પ્રસંગ યાદ આવે છે: અઢી હજાર વર્ષ પહેલાંનો આ પ્રસંગ છે: એક વાર ભગવાન બુદ્ધ રાજગૃહી નગરીમાં આવ્યા છે. એમને વંદન કરવા, એમના જ્ઞાનનું સુધાપાન કરવા કેટલાંયે નરનારીઓ ઉત્સાહભેર જઈ રહ્યાં છે. એ વખતે ગામનો નગરશેઠ પણ જઈ રહ્યો છે. એણે વિચાર કર્યો: "હું ભગવાન બુદ્ધના દર્શને જાઉં છું, એમના ચરણે હું શું ધરીશ? એમની પાસેથી તો હું કંઈક પણ લઈને આવીશ, પણ હું એમને આપીશ શું? આપ્યા વિના કાંઈ મેળવી શકાતું નથી, ખાલી કર્યા વિના કાંઈ ભરી શકાતું નથી." અંદર જો ભરેલું હોય તો નવું તમે કેમ ભરી શકો? અંદર ભરેલું હોય એને કાઢી નાખો તો જ તમે નવું ઉમેરી શકો છો.

શિશિર ઋતુ હોવાથી બધાં કમળો બળી ગયાં છે, સુકાઈ ગયાં છે; જળાશયમાં માત્ર એક જ ખીલેલું કમળ બાકી રહી ગયું છે. સુદાસ માળી એ કમળને વેચવા નીકળ્યો છે. નગરશેઠ એ ખરીદવાની વાત કરે છે: "કેટલા પૈસા?" સુદાસ એક સોનામહોર માગે છે. એટલામાં ત્યાં રાજપુત્ર આવી પહોંચે છે. એ કહે: "આ કમળ માટે હું તને પાંચ સોનામહોર આપું." બન્ને વચ્ચે હરીફાઈ ચાલે છે. કમળને ખરીદવાની હરીફાઈમાં બન્ને જણા વધુ ને વધુ સોનામહોરો આપવાનું કહેતા જાય છે.

સુદાસ એમને આશ્ચર્યથી પૂછે છે: "આપ આ કમળનું શું કરવા માગો છો?" બન્ને કહે છે: "ભગવાન બુદ્ધના ચરણોમાં આ કમળ અમારે ધરવું છે." સુદાસને વિચાર આવ્યો: "જેના ચરણોમાં કમળ ધરવા માટે આ નગરશેઠ અને રાજપુત્ર હરીફાઈ કરે છે એ ચરણો કેટલાં પાવન હોવાં જોઈએ! તો આ કમળ એમને વેચું એના કરતાં હું જ જઈને એ ચરણેમાં આને સમર્પિત શાને ન કરું?" અને એ દોડી આવ્યો, આવીને બુદ્ધના ચરણોમાં કમળ ધરી ઢળી પડ્યો.

ભગવાન બુદ્ધે કહ્યું: "વત્સ! તારે શું જોઈએ છે?" સુદાસે નમ્રભાવે કહ્યું: "માત્ર આપની કૃપાભરી નજરનું એક કિરણ મળે અને મારા અંતરનું તિમિર ટળી જાય!"

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જે વસ્તુને ચોરોથી બચાવવા માટે ઉજાગરો કરવો પડે, જે વસ્તુને માટે ભાઈઓને લડવું પડે, પિતાપુત્રને મનદુઃખ થાય એ ધન નથી. ભગવાન બુદ્ધે શું કહ્યું? એમણે કહ્યું: "આજની સભામાં સાચો સંસ્કારી અને ધનપતિ હોય તો આ સુદાસ છે."

આ વાર્તા બુદ્ધની જાતકકથામાં આવે છે. કવિવર રવીન્દ્રનાથ ટાગોરે એને સરસ વિચારોની કલગી આપી છે. અંદરના અંધકારને દૂર કરવામાં મદદગાર થાય એનું નામ તે ધન છે, બાકી બધુંય પૈસો છે.

આપણે જે ધરતીમાં જીવીએ છીએ, એ ધરતીના અણુઅણુમાં આ ભાવના ભરેલી હતી. પણ દેશ-કાળના પ્રભાવને લીધે કેટલીક વસ્તુઓ બદલાઈ જાય છે; અને બદલાઈ જવા છતાં ધરતીમાં જે વસ્તુ પડેલી છે એ ધરતીને સાવ મૂકીને જતી નથી રહેતી. આપણું આ સંસ્કારધન શું હતું? આપણી આ સંસ્કારગાથાને કવિ કાલિદાસે રઘુવંશમાં નોંધતાં કહ્યું છે કે—

शैशवेऽभ्यस्तविद्यानां, यौवने विषयैषिणाम् ।
वार्धके मुनिवृत्तीनां, योगेनान्ते तनुत्यजाम् ॥

માનવજીવનના ચાર તબક્કાઓની ચાર વાતો આ શ્લોકમાં મૂકી છે: પહેલું શૈશવ, બીજું યૌવન, ત્રીજું પ્રૌઢત્વ છે અને ચોથું મૃત્યુ. જીવનના આ ચાર પ્રસંગોને આપણે કઈ કઈ વસ્તુથી ધન્ય અને ચિરંજીવ બનાવી શકીએ એના ઉપાયો આપણને આ એક જ શ્લોકમાં એ મહાકવિએ બતાવ્યા છે.

"**शैशवे अभ्यस्तविद्यानम्**"—શૈશવ શેનાથી અલંકૃત બને અને ચિરંજીવ બને? તો કહે, શૈશવ વિદ્યાથી ભર્યું હોવું જોઈએ. જેમ કોઈ પાત્ર અમૃતથી ભરેલું હોય તો પાત્રમાંથી આપણે એનું પાન કરી શકીએ પણ પાત્ર ખાલી હોય તો? ખાલી પાત્ર ગમે એટલું સુંદર હોય પણ એનાથી આપણી તૃષા છીપતી નથી—ભલે પાત્ર પ્લેટિનમનું હોય તોપણ શું? પ્યાસ તો એમાં રહેલી વસ્તુ જ મિટાવે છે. એમ શૈશવ એ પાત્ર છે. એમાં વિદ્યા એ અમૃત છે. વિદ્યાનું અમૃત એમાં ભરેલું હોય તો જ એ જીવનની પ્યાસને મિટાવે છે. શૈશવ એ વિદ્યાને માટે જ હોવું જોઈએ. મુરબ્બીઓએ ધ્યાન રાખવું જોઈએ કે બાળકોના વિદ્યાભ્યાસના સુવર્ણકાળમાં અમારા તરફથી જાણતાં કે અજાણતાં કોઈ પિત્તળ ન મળી જાય કે જેથી એમનું સુવર્ણ જીવનના ખરા સમયમાં ખોટું પડી જાય! આ વાત રાજદ્વારી માણસો, નેતાઓ અને માતાપિતાઓ ધ્યાનમાં રાખે તો બાળકના જીવનમાં સદા વિદ્યાનો જ પ્રકાશ રહે અને એનું શૈશવ સુંદર અને સંસ્કૃત બની જાય. પણ આજે વિદ્યાનો અને વિદ્યાર્થીઓનો ઉપયોગ ઘણાખરા પોતાના સ્વાર્થ માટે કરી રહ્યા છે. રાજદ્વારી માણસો એમની પાસે પથરા ફેંકાવીને, કૉલેજો અને યુનિવર્સિટીઓ સળગાવરાવીને, શિક્ષકોની સામે બોલતાં કરીને, ચોપડીઓ અને પુસ્તકાલયોને બાળતા કરીને એમના શૈશવને બગાડી રહ્યા છે. જે બીજાનું શૈશવ બગાડે એનો પોતાનો બુઢાપો શા માટે ન બગડે? એનાં મૂળ કોણ છે? સત્તાના ઉચ્ચ આસન ઉપર બેઠેલા, જેમનું તમે હારતોરા લઈને સ્વાગત કરો છો અને ગયા પછી નિંદા શરૂ કરો છો તે!

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિદ્યાર્થીઓ કે જેમનું મન નિર્મળ છે, એમના જીવનમાં તમે બગીચો સર્જવાને બદલે વેરાન કેમ કરો છો? Blotting paperનું (શાહીચૂસનું) કામ તો સામે જે હોય તે ચૂસી લેવાનું છે, પછી એ કાળી શાહી હોય કે લાલ હોય. એવું જ કામ વિદ્યાર્થીઓના માનસનું છે. એમનું માનસ શાહીચૂસ જેવું receptive છે, જે આપો તે ગ્રહણ કરે. આવા બાળમાનસને જે બીજા માર્ગે વાપરે છે એ, એક રીતે કહું તો, ભારતીય સંસ્કૃતિનું ખૂન કરે છે; એ મોટામાં મોટો ગુનો કરે છે.

સુંદર શૈશવને વધારે સુંદર બનાવવામાં આપણે સાથ આપવા પ્રયત્ન કરવાનો છે. આપણા વિચારોથી, આપણી વાણીથી, આપણા વર્તનથી એમના માનસ પર કોઈ અસંસ્કૃત છાપ ન પડી જાય તે માટે સદા સાવધાન રહેવું પડશે.

વિદ્યાની ઉપાસના કરતો કરતો વિદ્યાર્થી જીવનનું એક દર્શન મેળવે છે. વિદ્યાર્થી ભણીને આવ્યો એની પ્રતીતિ શું છે? એનું જીવનદર્શન શું છે? તેના માપદંડનાં આ બે પાસાં છે: એક તો જીવનની શાશ્વત અને અશાશ્વત વસ્તુઓનાં મૂલ્યોનો વિવેક; અને બીજું, પોતાનામાં જેવો આત્મા છે એવા જ આત્માનું દર્શન વિશ્વના પ્રાણીમાત્રમાં કરી, પોતાની પરત્વે જે જાતનું આચરણ જાહેરમાં અને એકાંતમાં આચરતો હોય એવું જ આચરણ જાહેરમાં અને એકાંતમાં સર્વ આત્મા પ્રત્યે આચરવાની અભિરુચિ. વિદ્યાનું આ દર્શન છે.

જેની પાસે વિદ્યા આવે એની પાસે આ બે વસ્તુની અપેક્ષા રાખીએ. એ શાશ્વત અને અશાશ્વતનો વિવેક કરીને એ બેને જુદા પાડે. એ જુએ કે એક દેહ છે, બીજો આત્મા છે; એક મૂકી જવાનું છે, બીજું લઈ જવાનું છે. આ બેનો વિવેક થતાં શાશ્વતને ભોગે અશાશ્વતને ન સાચવે એટલું જ નહીં, પણ જરૂર પડે તો એ અશાશ્વતને ભોગે શાશ્વતને ટકાવી રાખે. જેનામાં આવી પ્રજ્ઞા જાગે છે, આવો વિવેક જાગે છે એની પાસે વિદ્યા છે. આ બેનું વિશ્લેષણ કરતાં આવડી જાય પછી એને કહેવું પડતું નથી કે તું આત્મા માટે સ્વાધ્યાય કર, પરલોક માટે પ્રયત્ન કર; કારણ કે એ જાણતો હોય છે કે આ મારો આત્મા શાશ્વત છે, એના ભોગે હું દુનિયાની કોઈપણ અશાશ્વત વસ્તુનો સંચય નહિ કરું, શાશ્વતના તત્ત્વને હું ક્યારેય હાનિ નહિ પહોંચાડું.

આજે વિદ્યાવાન તો ઘણા છે, પણ આવી જાગૃત વિચારણાવાળા કેટલા? વિદ્યાથી આ દૃષ્ટિ ન આવે તો માનવું કે એ માત્ર પુસ્તકિયું જ્ઞાન છે; બીજી રીતે કહું તો માત્ર શબ્દનો સંગ્રહ છે. એ પુસ્તકાલય બની શકે પણ પ્રાજ્ઞ પુરુષ નથી બની શકતો. તેવી જ રીતે માણસ માત્ર પુસ્તકો જ રટી જાય, ભણી જાય, યાદ રાખી જાય પણ જરૂર પડે ત્યારે આચરી ન શકે તો એને એક સુંદર પુસ્તકાલય કહી શકાય, પ્રાજ્ઞ પુરુષ નહિ.

એક વિદ્વાને સરસ વ્યાખ્યા બાંધી કે Man of words and not of deeds is like a garden full of weeds—જે માત્ર શબ્દોનો સંગ્રહ કરે અને એ સંગ્રહને આચારમાં મૂકવા માટેની અભિરુચિ ન હોય એને એક એવા બગીચા સાથે સરખાવ્યો છે, જેમાં પુષ્પો અને ફળો કાંઈ નથી, માત્ર કાંટા અને ઝાંખરાં જ ઊભાં છે.

ભણતરથી માત્ર સ્મરણશક્તિ વધે, શબ્દશક્તિ વધે, વાક્ચાતુર્ય વધે અને આચરણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ન વધે તો આપણા જીવનમાં ત્યાગનું દર્શન કેમ થાય ? વસ્તુને છોડવા માટેની અભિરુચિ કેમ જાગે ? શાશ્વત અને અશાશ્વતનો વિવેક કરવો એ જ તો વિદ્યાનું પ્રથમ પાસું છે.

બીજું દર્શન એ કે મારામાં જે છે એ જ તત્ત્વ વિશ્વના બધા જ આત્માઓમાં નિવાસ કરી રહ્યું છે; તો એકાંતમાં અને જાહેરમાં હું મારા પ્રત્યે જેવું આચરણ કરું છું એવું જ આચરણ હું જગતના જીવો પ્રત્યે કરું. આ દૃષ્ટિથી એના વિચારમાં, એના ઉચ્ચારમાં, એના આચારમાં એક જાતની ઉચ્ચતા–શુચિતા આવે છે. આ ઉચ્ચતા લોકોને રાજી કરવા બહારથી લાવેલી નથી, પણ એ અંદરથી ઊગેલી છે. વિશ્વના પ્રાણીમાત્રમાં ચૈતન્યના નિવાસનું એણે દર્શન કર્યું છે.

આવી દૃષ્ટિવાળા માણસો આપણને દરેક દેશમાં મળી આવે છે. અબ્રાહમ લિંકન એક વાર વ્હાઈટ હાઉસ જતાં કીચડમાં ડુક્કરને તરફડતું જુએ છે. પોતે કીચડમાં જઈ એને કીચડમાંથી કાઢી એ પછી જ વ્હાઈટ હાઉસ જાય છે. ત્યાં કોઈએ ડ્રાઈવરને પૂછયું કે લિંકનનાં કપડાંને કીચડના ડાઘા કેમ લાગેલા છે ? ડ્રાઈવરે કહ્યું કે ‘ ડુક્કરને કીચડમાંથી બહાર કાઢતાં ડાઘા લાગ્યા છે.’ આ સાંભળી એક મિત્રે આવી લિંકનને ધન્યવાદ આપ્યા, ત્યારે લિંકને કહ્યું. “ રહેવા દો, મેં આ કામ ધન્યવાદ માટે કે બીજાને માટે નથી કર્યું, પણ ડુક્કરને કાદવમાં તરફડતું જોઈને મારા મનમાં એક વ્યથા જાગી અને એ વ્યથાનો કાંટો કાઢવા ડુક્કરને કાઢયા વિના છૂટકો નહોતો.” આટલું કહીને લિંકન ચાલતા થયા.

બીજાને દુઃખી જોઈને પોતે દુઃખી થવું, આ એક સમભાવ અવસ્થા, પ્રાણીમૈત્રીની ભાવના, વિશ્વમાં રહેલા ચૈતન્યમાં પોતાના જેવા જ એક ચૈતન્યનું દર્શન. પોતાના દુઃખને દૂર કરવા માટે જેવો પ્રયત્ન કરીએ એવો જ પ્રયત્ન જગતના જીવો પ્રત્યે આપણે કરતા રહીએ, કરવા માટેની આપણી સતત અભિલાષા હોય, ત્યારે જાણવું કે આપણામાં વિદ્યાનો પ્રકાશ આવતો જાય છે. આવી વિદ્યા વડે કરીને આપણે ધનવાન બનતા જઈએ છીએ.

રાજસ્થાનના ગામડાનો એક પ્રસંગ છે: બે ભાઈઓ છે. મોટાભાઈનો વસ્તાર વધારે છે, નાનાભાઈનો વસ્તાર થોડો છે. બન્નેનાં ખેતરો છે, વચ્ચે એક વાડ છે. કાપણી પછી ડૂંડાંનો ઢગલો થયો છે. રાત્રે મોટો ભાઈ વિચારે છે કે આ મારો ભાઈ નાનો છે, મેં સંસારમાં માણવાનું બધું માણી લીધું છે, મારી જરૂરિયાત પણ ઓછી છે; નાના ભાઈને વધારે જીવવાનું છે, જરૂરિયાત પણ વધારે છે. આ વિચારથી એ પોતાના ખેતરમાંથી પૂળા લઈને નાના ભાઈના ખેતરમાં નાખી આવે છે. એ જ રાત્રિના બીજા પ્રહરમાં નાના ભાઈને વિચાર આવે છે કે મોટા ભાઈનો વસ્તાર વધારે છે, એ કેવી રીતે ચલાવતા હશે ? હું તો જુવાન અને સશક્ત છું, રળી શકું એમ છું. એટલે એ પોતાના ખેતરના પૂળાઓને મોટા ભાઈના ખેતરમાં નાખી આવે છે. આવી રીતે બે-ત્રણ દિવસ ચાલ્યું. ચોથી રાત્રિએ બન્ને ભાઈઓ ભેગા થઈ ગયા. એકે પૂછયું ‘ તું કયાં જાય છે ? ’ બીજાએ પૂછયું ‘ તું કયાં જાય છે ? ’ બન્નેના હાથમાં પૂળા. પેલો આને ત્યાં નાખવા જાય અને આ પેલાને ત્યાં નાખવા જાય !

આનું નામ વિદ્યા છે, આ સાચી કેળવણી છે. નાનો મોટાનો વિચાર કરે, મોટો નાનાનો વિચાર કરે. બન્નેમાં એકબીજાને સમજવાની વૃત્તિ છે. આવી વિદ્યાથી સમાજનું દર્શન પ્રાપ્ત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

થાય છે. આવી વિદ્યા વિના, કહો, સમાજ ઊંચો કેમ આવે? સમાજ સુખી અને સમૃદ્ધ પણ કેમ થાય?

સમાજના દર્શન વિના એકલી આત્માની અને પરલોકની જ વાત કરીશું અને વ્યવહારમાં પ્રાણીમાત્ર પ્રત્યે સમભાવની વિચારણા નહિ આવે તો, મને લાગે છે કે, આપણે હવામાં ઊડયા કરીશું, જમીન ઉપર પગ પણ નહિ મૂકી શકીએ. જે માણસ જમીન ઉપર પગ મૂકી શકતો નથી એ કદાચ હવામાં ઊડી શકતો હશે, પરંતુ સ્થિર નહિ હોય. હવામાં ઊડવાની પણ એક મર્યાદા છે. આખરે માણસને ધરતી ઉપર ચાલવાનું છે. અધ્યાત્મની –ધર્મની જાગૃતિ એ જો વ્યવહારશુદ્ધિથી શરૂ ન થાય, બીજા જીવોમાં રહેલા આત્માનું દર્શન કરીને એના પ્રત્યે સમભાવાત્મક બુદ્ધિથી જાગૃત ન થાય, તો જે ધ્યેય તરફ પહોંચવાનું છે, ત્યાં એ કદી પહોંચી નહિ શકે; માત્ર આપણા શબ્દોમાં મોક્ષ, વિચારોમાં નિર્વાણ અને કલ્પનામાં મુક્તિ રહી જશે; એની પ્રાપ્તિ તો આવા સમાજદર્શનથી જ થશે. જેનાથી શાશ્વત અને અશાશ્વતનાં મૂલ્યોનો વિવેક અને સર્વ ભૂતોમાં પોતાના જેવા જ ચૈતન્યનું દર્શન આ સમાનુભૂતિ થાય, સમસંવેદન થાય એ જ સાચી વિદ્યા.

આવો વિદ્યાવાન પુરુષ જ્યારે કંઈ વિચારે ત્યારે એના વિચારોની અંદર પણ એક મૃદુ અને નિર્મળ તત્ત્વ હોય; એના ઉચ્ચારમાં કોમળતા અને સંવેદના હોય; એના આચરણમાં સૌનાં સુખ અને શાંતિનો પરિમલ હોય. એવી વ્યક્તિનું દર્શન આત્મસ્પર્શી હોવાથી સમાજને માટે એ એક આશીર્વાદ રૂપ બની જાય છે.

"**यौवने विषयैषिणाम्**"—જેના શૈશવનું પાત્ર વિદ્યાના અમૃતથી છલકાઈ રહ્યું છે એ શૈશવમાંથી નીકળીને તમે યૌવનમાં આવો છો. તમારી પાસે શક્તિઓ છે, બુદ્ધિ છે, થનગનાટ છે અને કાંઈક કરી છૂટવાની મનમાં સ્વપ્નસૃષ્ટિ પણ છે. યૌવનમાં જો સ્વપ્ન અને સર્જનાત્મક શક્તિના વિચારો ન હોય તો એ શક્તિ એને જ ખલાસ કરી નાખે છે.

"મારે આ સંસારના બગીચામાં એકાદો સુંદર રોપો રોપીને જવું છે, અને તો સંસારનો બગીચો સમૃદ્ધ બને એવું સુંદર કાર્ય કરું, પણ એકે રોપાને ઊખેડીને સંસારના બગીચાને દરિદ્ર બનાવવાનું નિમિત્ત તો ન જ બનું"

એક રાજમાર્ગની બાજુમાં એક ૮૧ વર્ષનો વૃદ્ધ ખાડો ખોદીને નાનકડો છોડ રોપી રહ્યો છે. એટલામાં બે જુવાનિયાઓ એની ઠેકડી કરતાં પૂછવા લાગ્યા: "દાદા, શું કરો છો?" "આંબાનું ઝાડ વાવું છું." "હેં! આ ઉંમરે આંબાનું ઝાડ વાવો છો? ૮૧ વર્ષે આંબો વાવો છો તો આ આંબો ઊગશે ક્યારે? એને કેરીઓ આવશે ક્યારે? અને દાદા, તમે એ ખાશો ક્યારે? ઘડપણમાં તૃષ્ણા અને મોહ જાગ્યાં લાગે છે!"

વૃદ્ધે નમ્રતાથી કહ્યું: "તારી વાત સાચી છે ભાઈ, તૃષ્ણા તો કોનામાં ન હોય? હું એમ કહેતો નથી કે મારામાં તૃષ્ણા નથી. ન હોવાનો દાવો કરવો એ વસ્તુના અસ્તિત્વને સિદ્ધ કરવા બરાબર છે. આ જે આંબો હું વાવું છું એ મારે માટે નથી વાવતો; આ રસ્તાની બન્ને બાજુ જે ઝાડ ઊગેલાં છે એની છાયાનો, એનાં ફળનો મેં ઘણાં વર્ષો સુધી લાભ ઉઠાવ્યો છે. તો હવે હું જાઉં છું તે પહેલાં આવતી કાલની પેઢીને કાંઈક આપતા જવું જોઈએ ને? એટલે હું આ આંબો વાવતો જાઉં છું. ગઈકાલ પાસેથી લીધું છે તો આવતીકાલને આપણે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કાંઈક આપવાનું છે. અને આપ્યા વિના ચાલ્યા જઈએ તો આપણે કુદરતના ચોર કહેવાઈએ! હું ચોર ન બની જાઉં એટલા માટે આ મારો પ્રયત્ન છે." પેલા બે યુવાનો આ સાંભળીને નમી પડચા: "દાદા, તમને સમજવામાં અમારી ભૂલ થઈ છે!"

માણસ માણસને સમજવામાં ભૂલે છે, ત્યાં જ જીવનયાત્રાની નિષ્ફળતા છે. માણસ સામાને સમજી શકતો હોય તો એની યાત્રા કેવી સફળ થઈ જાય!

યૌવનનું કાર્ય સુખોપભોગ છે, પણ એની વિશેષતા એ માટે કરવા પડતા પુરુષાર્થમાં રહેલી છે. અને પુરુષાર્થ એ જ યૌવનની શોભા છે. ઘણી વાતો કરનારને હું મહત્ત્વ નથી આપતો, એને માત્ર વાતનો રાજા ગણું છું. તમારા હાથથી દયાનું, કરુણાનું, સેવાનું કાંઈક પણ કામ થવું જોઈએ.

ગયા વર્ષની વાત છે. બિહારમાં દુષ્કાળ પડચો ત્યારે મેં ૪–૫ લાખ ભેગા કર્યા. એ વખતે જેઓ આધ્યાત્મિક કહેવાય છે એવા એક ભાઈ મારી પાસે આવ્યા; મને કહે : "મહારાજજી! આત્મકલ્યાણ મૂકીને આ શું ઉપાડચું છે? આત્માની વાત કરો. બિહારના લોકો તો જન્મે છે; અને મરે છે, એ તો સ્વભાવ છે. જન્મ્યું તે કોણ નથી મર્યું? એમાં તમે પાંચ લાખ માણસોને અનાજ પહોંચાડચું તોય શું અને ન પહોંચાડચું તોય શું? આ મૂકીને એક આત્મજ્ઞાનની શિબિર યોજો ને!" જો આપણામાં જાગૃતિ ન હોય તો ઘડીભર આવી વ્યક્તિના વિચારના આચ્છાદનની નીચે આપણી પ્રજ્ઞાનો દીપક ઢંકાઈ જાય. પણ મેં કહ્યું : "આત્માની વાત કરનાર માણસ જો આત્માઓને દુઃખી જોઈને દ્રવે નહિ, એનો હાથ લંબાય નહિ, તો એને આત્માનો અનુભવ થયો છે એમ માનવું એ પણ અજ્ઞાન છે."

જે જે મહાપુરુષોએ આત્મ-અનુભૂતિ કરી છે તેમના જીવનમાંથી સેવાનાં પ્રત્યક્ષ દૃષ્ટાંત જડચાં છે. પંઢરપુરના દેવના અભિષેક માટે નામદેવ કાવડમાં ગંગાજળ લઈ જઈ રહ્યા હતા. પણ રસ્તામાં ગધેડાને તૃષાથી તરફડતું જોયું તો એમણે એને એ પહેલાં પાયું. કોઈએ પૂછયું "અરે, ગંગાજળ આ ગધેડાને પાયું?" ઉત્તર મળ્યો : "ગધેડામાં પણ આત્મા છે, ભાઈ!"

આ આત્મદર્શન છે. આ આત્મદર્શનથી તમારામાં સર્જનાત્મક સેવાની એક સહજ ભાવના જાગી જાય છે. સુખોપભોગની વૃત્તિથી ભરેલી યુવાનીમાં આ રીતે પુરુષાર્થ આકાર લે છે અને આપણી શક્તિઓને એ સમૃદ્ધ બનાવે છે.

"**वार्धके मुनिवृत्तानां**" શૈશવ અને યુવાનીમાં જે તૈયાર થઈને આવેલો છે એ હવે વાર્ધક્યમાં પ્રવેશ કરે છે. જ્યારથી ધોળા વાળનો પ્રારંભ થાય, જ્યારથી તમને એમ લાગે કે તમારા આંગોપાંગમાં કાંઈક ફેર જણાય છે, દાંત હાલવા માંડે, આંખમાં મોતિયો આવે કે શરીર ઉપર કરચલીઓ દેખાય, તો વિચાર કરવો કે જીવનનું આ ત્રીજું પ્રસ્થાન છે. હવે હું ત્યાં જાઉં છું; શૈશવ અને યૌવનમાં જે ભેગું કરેલું છે એનો ઉપયોગ હવે વાર્ધક્યમાં કરવાનો છે. શૈશવમાં વિદ્યા પ્રાપ્ત કરી, યુવાનીમાં પુરુષાર્થ અને કાયશક્તિ દ્વારા સ્વપ્નસૃષ્ટિ સિદ્ધ કરી, હવે વાર્ધક્યમાં મુનિપણું આવે છે.

મુનિ એટલે કોણ? જે મૌનમાં આત્માના સંગીતનો અનુભવ કરે. સંસારના વિષમ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વાદમાં વિદ્યા અને પુરુષાર્થની બે શક્તિઓને લીધે પોતે ચિત્તની સમાધાનાત્મક અવસ્થામાં રહી શકે એનું નામ તે મુનિ છે. અંદર જે ઝીણું ઝીણું ગુંજન ચાલે છે એ ગુંજનનો અનુભવ મૌન પાળ્યા વિના, ઊંડા ઊતર્યા વિના થતો નથી.

એક અનુભવી બાપે પોતાના આળસુ દીકરાઓને કહેલું કે હું જાઉં છું, પણ મેં ખેતરના ઊંડા ભાગમાં એક ચરુ દાટેલો છે એ કાઢી લેજો. એટલું કહીને બાપ મરી ગયો. પેલા દીકરાઓ તો મંડી પડ્યા ખેતરને ખોદવા. આળસુ હતા પણ ચરુ જોઈતો હતો એટલે ખોદી ખોદીને આખું ખેતર ઉથલાવી નાખ્યું, પણ ક્યાંયે ચરુ ન મળ્યો. એટલામાં વર્ષા થઈ, ખેતરમાં ઘાસ સાથે બીજી વસ્તુઓ ઊગી નીકળી અને ખેતર મોલથી લચી ગયું.

ત્યારે પેલા વૃદ્ધના મિત્રે આવીને કહ્યું : "તમારા બાપે કહ્યું હતું કે ખેતરના ઊંડા ભાગમાં દાટેલું છે, એનો અર્થ એ કે જેમ જેમ ખોદો તેમ તેમ ખેતર પોચું થાય. એમાં જે ઊગે એ જ તમારી સમૃદ્ધિ છે."

વૃદ્ધ પિતાએ દીકરાને જે કહ્યું હતું એ જ વાત હું તમને કહું છું. તમે તમારી જાતની અંદર જાઓ, ઊંડા ઊતરો. જેમ જેમ તમે તમારા પોતામાં ઊંડા ઊતરતા જશો તેમ તેમ તમને નવી જ અનુભૂતિ થતી જશે; આગળ વધતાં એક એવી અનુભૂતિની અવસ્થાને પામશો, જે ભૂમિકામાં અનુભવાય કે જે તત્ત્વ મહાવીરમાં હતું, બુદ્ધમાં હતું, શ્રીરામમાં હતું અને આદિનાથમાં હતું એ જ પરમ તત્ત્વ મારામાં છે. આ પરમ તત્ત્વની સમૃદ્ધિનો અનુભવ થયા પછી હું કંગાલ છું એમ લાગે જ નહિ. એમ લાગે કે હું મહાવીર છું, હું બુદ્ધ છું, હું રામ છું, હું આદિનાથ છું. પણ એમ કહેવા પહેલાં અને એમ કરતાં પહેલાં અનુભવ થવો જોઈએ. અને અનુભવ થયા પછી કહેવાનું રહેતું નથી; પછી તો અનુભવવાનું જ રહે છે.

ઘણા લોકો કહેતા ફરતા હોય છે, "હું આ છું." પણ જ્યાં કહેવા બેસીએ ત્યાં અનુભવવાની વાત ચાલી જાય છે. અનુભવ મૌન છે. ત્યાં બોલવાનું બંધ થઈ જાય છે. ભ્રમર મધુરસનું પાન કરતો હોય છે ત્યારે ગુંજન બંધ જ થઈ જાય છે; ગુંજન ચાલતું હોય છે ત્યારે એનું મધુપાન બંધ હોય છે. એવી જ રીતે અનુભવ થાય છે ત્યારે બીજી બધી વાતો બંધ થઈ જાય છે; ત્યાં માત્ર અનુભવની જ વાત હોય છે.

આ અનુભવરસનું જેણે પાન કર્યું તેની ખુમારી કદી ઊતરતી નથી, એને સંસારની માનસિક બિમારી સ્પર્શતી નથી. એ સદા અનુભવમાં મસ્ત અને મગ્ન રહે છે. આ અનુભવ કરતાં પહેલાં પહેલી બે ભૂમિકાઓમાંથી પસાર થવું પડે છે. વિદ્યાર્થી પહેલામાં, પછી બીજામાં, પછી ત્રીજામાં એમ એક પછી એક ધોરણોમાં આગળ વધતો જાય છે; એમ ન કરનાર માણસ ઉપરની કક્ષામાં, યુનિવર્સિટીમાં, વિદ્યાપીઠમાં પહોંચી શકતો નથી; એકદમ યુનિવર્સિટીમાં જાય તો એ peon–સિપાઈ તરીકે જાય અથવા કલાર્ક તરીકે જાય, પણ એ પ્રોફેસર તરીકે નથી જઈ શકતો. એ જ રીતે તમારે પણ જીવનની આ ત્રીજી ભૂમિકામાં જતાં પહેલાં શૈશવની અને યૌવનની ભૂમિકાઓને ધીમે ધીમે સરસ બનાવવી જોઈએ. માણસ સુધરતો સુધરતો જ ઉપર જાય છે—જોકે એમાં પણ અપવાદ હોય છે. એમાં સાવધાન ન રહ્યા હોય તેમ છતાં ત્રીજી અવસ્થામાં સુધરી ગયા હોય એવા દાખલાઓ મળે છે ખરા, પણ એ અપવાદોને નિયમ સમજીને ન ચાલી શકાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વાર્ધક્યની આ ત્રીજી અવસ્થા એટલે અંદરના સંગીતને અનુભવવાનો સમય. આવા માણસો જ સંસારમાં અને સંસ્થાઓ માટે આશીર્વાદરૂપ અને વિદ્યાર્થીઓના સાચા ભોમિયા બને છે.

હું તો એમ ઇચ્છું કે મહાવીર જૈન વિદ્યાલયમાં થોડાક આવા ઠરેલા, અનુભવી, ચારિત્ર્યવાન અને વિચારોથી સમૃદ્ધ પુરુષો વિદ્યાર્થીઓના વાલી બને. વાલી વિના વિદ્યાર્થીઓને કદાચ બોર્ડિંગ અને લોજિંગ મળે પણ પ્રેમ, વાત્સલ્ય અને સ્નેહ ક્યાંથી મળે? તેઓ વિદ્યાર્થીઓને જઈને પ્રેમથી પૂછે કે તમારે શું દુઃખ છે? તમારી શી વાત છે? તો વિદ્યાર્થીઓ વાત્સલ્યથી વંચિત ન રહે. અને જે વાત્સલ્યથી વંચિત નહિ રહે એ સંસારને પણ જીવનભર વાત્સલ્ય આપ્યા કરશે.

પણ જેમને વાત્સલ્ય નથી મળ્યું એ અંદરથી એવા દગ્ધ અને શુષ્ક બની જાય છે કે જીવનનાં વિવિધ ક્ષેત્રોમાં એ ભયંકર વિકૃતિઓ લાવે છે. બોર્ડિંગ અને લોજિંગમાં ભણતા છોકરાઓ માટે આ એક મનોવૈજ્ઞાનિક પ્રશ્ન છે. જેમને માબાપનું વાત્સલ્ય ન મળે, બહેનનો પ્રેમ ન મળે, ભાઈનો સ્નેહ ન મળે એમનાં હૃદય આઠ-દસ વર્ષમાં ધીરે ધીરે શુષ્ક બની જાય છે. પછી જ્યારે એ જીવનક્ષેત્રમાં આવે છે ત્યારે પોતાની શુષ્કતાને પરિતૃપ્ત કરવા જીવનમાં જે મળ્યું તે અપનાવીને આગળ દોડે છે. એ વખતે વિવેક અદૃશ્ય થઈ જાય છે. એટલે જેમણે મુનિવ્રત કેળવ્યું હોય, જેમના મન અને તનમાં મૌનનું સંગીત હોય તે બહુ ઉપયોગી નીવડે છે.

"**योगेनान्ते तनुत्यजाम्**" ચોથી વાત બહુ મંગળમય છે. જેનું શૈશવ વિદ્યાથી ભરેલું છે, જેનું યૌવન સ્વપ્ન અને કાર્યથી સભર બનેલું છે, જેનું વાર્ધક્ય મૌનના સંગીતમાં મગ્ન બનેલું છે તે આ દેહને છોડવાનો દિવસ આવે તો કેવી રીતે છોડે? યોગથી દેહને છોડે.

મરતી વખતે સીલ અને વીલ એ વાતો દૂર રહેવી જોઈએ. પેલો છોકરો આવીને કહે કે બાપાજી, વીલ કરવાનું બાકી છે. અહીં સહી કરો! બીજો કહે કે સીલ મારો. એ બેમાંથી બચવાનું છે. આ માટે પહેલેથી જ યોગ્ય વ્યવસ્થા કરી નાખવી ઘટે.

યોગની સમાધિમાં દેહ છોડવાનું તો કહ્યું પણ યોગ એટલે શું છે? જેમાં આપણું તન, મન અને ચૈતન્ય એ ત્રણે એક ભૂમિકામાં આવીને વસે તે યોગ. હા, તનનો સ્વભાવ છે એટલે એ બિમાર પણ પડે; એવું નથી કે યોગી પુરુષોને હમેશાં તનની શાંતિ જ હોય, કદાચ અશાંતિ પણ હોય. પણ તનની અશાંતિમાં પણ મન શાંતિનો અનુભવ કરે તે યોગની વિશિષ્ટ શક્તિ છે.

યોગિરાજ આનંદઘનજીનો એક જીવનપ્રસંગ યાદ આવે છે. તેઓ માંદા છે, ખૂબ તાવ આવેલો છે. એમનો એક ભક્ત એમને વંદન કરવા જાય છે. આનંદઘનજી તો ગાઈ રહ્યા છે, સંગીતમાં મસ્ત છે. ભક્ત પગ દાબે છે, શરીર ગરમ ગરમ લાગે છે. એ કહે છે, "ગુરુદેવ! આપના શરીરમાં જ્વર છે." આનંદઘનજીએ કહ્યું: "જ્વર તો આ શરીરને છે, આત્મા તો સ્વસ્થ છે!" "અબ હમ અમર ભયે ન મરેંગે" એ ગીત ત્યારે જ પ્રગટ્યું. દેહ વિનાશી છે અને હું તો અવિનાશી છું. છેલ્લી અવસ્થાની આ ભૂમિકા છે.

જિંદગીનો મર્મ કોઈએ કવિ વર્ડ્ઝવર્થને પૂછ્યો ત્યારે એમણે હસીને કહ્યું: "કોણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કેમ મરી ગયો એ તમે મને કહો એટલે હું તમને કહું કે એ કેમ જીવી ગયો." જીવનનું સરવૈયું એ તો મૃત્યુ છે. માણસ કેટલી કૂદાકૂદ કરે છે એ મોટી વાત નથી, એની છેલ્લી ઘડી કેવી સુધરી જાય છે એ મોટી વાત છે.

આ યોગની આનંદમય ભૂમિકા સહુને મળે અને મૃત્યુ માટે વિદાય લેતાં કહે: "હું જાઉં છું. આપણે જીવ્યા, સાથે રહ્યા, હવે રડશો નહિ, આંસુ પાડશો નહિ, કાળાં કપડાં પહેરશો નહિ, કારણ કે હું તો મુસાફિર છું, નિમ્ન ભૂમિકામાંથી ઊર્ધ્વમાં જાઉં છું."

યોગની આવી ભૂમિકામાં વિદાય લેવી, છૂટા પડવું અને સંસારને એક મંગલમય સંદેશો આપીને જવું એ સમગ્ર જીવનનો હેતુ છે, ઉદ્દેશ છે.

આર્યાવર્તનું ધન એટલું બધું સમૃદ્ધ છે કે એનો આપણે વિચાર કરીએ તો આપણું મસ્તિષ્ક આદર અને ભાવથી નમી જાય છે. આપણો વારસો કેવો મોટો છે! એ વારસાનો આવી કોઈ પળોમાં શાંતિથી બેસીને વિચાર કરીએ કે એ વારસાના વારસદારોએ –આપણે– એ વારસાને કેટલો જાળવ્યો છે?

આપણું ધન–સંસ્કારધન–આપણને મળશે તો આપણે સમૃદ્ધ બનીશું. જીવનની સાચી સમૃદ્ધિ આ જ છે.

પ્રારંભમાં જ મેં આપને કહ્યું કે જીવનને પૈસાથી કે મકાનથી નથી માપવાનું, જીવનને તો હૃદયના ભાવોથી એ કેટલું સમૃદ્ધ બન્યું એ પ્રશ્નથી માપવાનું છે; મન અને મસ્તિષ્ક વિચારોથી કેટલાં સભર છે અને બુદ્ધિ પવિત્ર વિચારોથી કેટલી શુદ્ધ છે એ વિચારીએ. આ વિચારણા માટે આજનો આ મંગળમય દિવસ આપણા સહુને માટે એક યાદગાર દિવસ બની રહે, એ શુભેચ્છા.*

* શ્રી મહાવીર જૈન વિદ્યાલયના સુવર્ણ-મહોત્સવ નિમિત્તે યોજાયેલ વ્યાખ્યાનમાળામાં તારીખ ૨૩–૧–૧૯૬૮, મંગળવારના રોજ બિરલા ક્રીડા કેન્દ્રમાં આપેલ પ્રવચનનો સાર.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org